MARCH - 2021

સમય: ૩ કલાક Gujarati - 1 ગુણ : ૮૦

## વિદ્યાર્થીઓ માટે સૂચના

→ આકલનકૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→આકૃતિઓ પેનથી જ દોરવી, પેન્સિલથી નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.


→ જરૂરી જણાય ત્યાં ઉત્તરપૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંના નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ – ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ – ૧(અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૮)

અ -૨ આકૃતિબંધ પૂર્ણ કરો. (૦૨)




થોડા દાયકા પહેલાંની વાત છે. એ વખતે અમદાવાદ શહેરનું મોટા ભાગનું લોક શહેરની પોળો, ખડકીઓ, ખાંચાઓ, ડહેલાઓ, શેરીઓ અને વચ્ચે આવેલા રસ્તાઓ પરનાં ઘરોમાં વસતું હતું. ઉચ્ચ નિમ્ન વર્ણો, ધનિકો, ગરીબો, નોકરિયાતો, વેપારીઓ બધાંય એ પોળો, ખડકીઓ શેરીઓનાં નાનાં મોટાં ઘરોમાં રહેતાં. પછી આવ્યો મિલઉદ્યોગ અને પરિણામે વધુ ધન, અને વધુ ધનને પરિણામે શહેરની આસપાસ સોસાયટીઓ બનવા માંડી. ધનિક વર્ગ બંગલા બનાવે અને કાં તો પોતે એમાં રહે અથવા બંગલો ભાડે આપે.

આવો જ એક બંગલો હતો શહેરની પોળોથી થોડે દૂર. નાનકડો, બેઠો ઘાટનો, એક માળનો બંગલો. બંગલાની ડિઝાઇન બનાવનારે કોણ જાણે કેમ એમાં ઓરડા મોટા બનાવેલા અને બારણાં અને બારીઓ નાનાં, સાંકડાં બનાવેલાં. સૂર્યપ્રકાશ અને પવનને માંડ થોડુંઘણું અંદર આવવા મળે. બંગલો અંદરથી અંધારિયો અને ટાઢો પણ અંદરની ટાઢ અને અંધારાને ભુલાવી દે એવું મોટું કમ્પાઉન્ડ ધૂળમાટીથી ભરેલું અને એમાં નાનાંમોટાં, ચાંદની, જાસુદ, કરેણ, સરગવો, પપૈયાં, લીંબુનાં ઝાડ અને મધુમાલતી અને બોગનવેલિયાની અતિસુવિકસિત વેલો. લીલોતરીથી હર્યુંભર્યું કમ્પાઉન્ડ અને આ બધાથી મોટો વૃક્ષરાજ જેવો શોભતો લીમડો. એવા એ બંગલામાં અમે થોડાં વર્ષ રહેતાં હતાં ભાડવાત તરીકે.

અ -૨ લખો.

(૧) બંગલામાં જોવા મળતાં વિવિધ ફળ, ફૂલો જેવાં કે ___________, ___________, (૦૨)

___________ , _________

અ - ૩ ગદ્યાંશમાં આપેલી વિરુદ્ધાર્થી શબ્દોની જોડી શોધીને લખો. (૦૨)

(૧) __________ x ________

(૨) __________ x ________

અ – ૪ 'વૃક્ષ - ફૂલ એ ઘરની શોભા છે' એ વિશે તમારા વિચારો જણાવો. (૦૨)

(આ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૮)

આ - ૧ (૦૨)




[પ્રકાશ થાય છે. સભાગૃહ દેખાય છે. વક્તા તરીકે રાજેશ્રી અગ્નિકુમાર ભાષણ કરતા હોય છે.]

અગ્નિકુમાર : સજ્જનો, સહુ કોઈને મોંએ આપણે સાંભળીએ છીએ કે પ્રામાણિકતા એ જ જીવનવહેવારનો પાયો હોવો જોઈએ. પ્રમાણિકતાનો અર્થ માત્ર રૂપિયા, આના પાઈની લેવડદેવડ એટલો જ ન કરવો જોઈએ. કૈલાસવાસી નંદનંદન શેઠે આ વસ્તુને જીવનમાં આચરી બતાવી હતી. કેટલાક પ્રસંગોનો તો હું સાક્ષી રહ્યો છું. કોઈની પણ ખોટી પાઇ પોતાને ત્યાં રહી જાય એનું એમને ભારે દુઃખ હતું અને એના ખરા હક્કદાર માલિકોને શોધી કાઢીને એને એ રકમ ન પહોંચાડે ત્યાં લગી એમને ચેન ન' તું પડતું. કેટલાંક અનાથ બાળકોની મિલકત કે વિધવાઓની પૂંજી એમને ત્યાં અનામતરૂપે રહેતી અને એમાંના એકએકની એ અંતરની દુવા પામતા. ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો...

આ - ૨ લખો. (૦૨)

નંદનંદન શેઠના ગુણો અને ખાસિયત

(૧) __________

(૨) __________

(૩) __________

(૪) __________

આ -૩ નીચેનો શબ્દો માટે ગદ્યાંશમાં વપરાયેલા શબ્દો લખો. (૦૨)


(૧) થાપણ.......... (૩) હૃદય......

(૨) આશીર્વાદ........ (૪) સ્વર્ગવાસી .......

આ - ૪ જીવનમાં પ્રમાણિકતાના મહત્વ વિષે તમારા વિચારો રજૂ કરો, (૦૨)

(ઈ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૪)


ઈ - ૧ આકૃતિબંધ પૂર્ણ કરો. (૦૨)




નદીઓ વિષે હજારો કાવ્યો લખાયાં છે. આજ ગંગા પણ ગંદી છે. આધુનિક સંસ્કૃતિએ કાવ્ય કરવા જેવી કમનીયતા રહેવા નથી દીધી. આ રોગોનાં નામો જોઈએ.... ઉધરસ, કાયમી શરદી,આંખનું બળવું, છાતીનો દુખાવો, માથાનો દુખાવો, ઉજાગરો, દમ, બ્રોન્કાઈટિસ,ઝાડાઊલટી, ચામડીના રોગો, હૃદયરોગ,ક્ષય, પક્ષાઘાત. હાલતેચાલતે ફેલાતા ચેપી રોગો કમળો, કમળી, જ્યાંત્યાંથી નીકળતી ગાંઠ, બાળકોની ઊંડી આંખો, ચશ્માં (છોકરીઓની ભવ્ય આંખોનાં કાવ્યો હવે નહીં લખાય), તદ્દન ટૂંકું યૌવન, વિવિધ અંગોનાં કેન્સર, માનસિક રોગો, વિચિત્ર ગર્ભો - આમ કોઈ દવાની ચોપડી જેવું આ લાગે છે; પણ બધાં સુધરેલાં શહેરોમાં આ રોજિંદી ઘટના છે. પ્રદૂષણરૂપી પાપનું આ પરિણામ છે.

વાતાવરણમાંથી ઓઝોન ઓછું થયું છે. જેટ વિમાનો હવાને ગરમ બનાવે છે. ઓચિંતાં વાદળો સૂર્યપ્રકાશને અટકાવી દેશે અને ફરી હિમયુગ શરૂ થશે, એવી ચેતવણી અપાય છે.


ઈ- ૨ આકૃતિ પૂર્ણ કરો. (૦૨)




<u>વિભાગ – ૨ પદ્યાંશ</u> (૧૬ ગુણ)

કૃતિ - ૨ (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૬)

અ - ૧ આકૃતિ બંધ પૂર્ણ કરો.




ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની
પુરી, કાશી,કાંચી,અવધ, મથુરા ને અવર સૌ
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયા;
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોદક ભરી,
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એક્કે તીરથ, જ્યાં
શકે મારી છીપી ચરમ મનીષા તું દરશની !
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં,
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકાં સહજ મઢીઓટે નિત પેઠે
વળ્યાં' તાં વાતોએ, નયન નમણાં ને સખીતણાં
ઢળ્યાં'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પરે-
ઝૂકી, ઢાંકી જેને અરધપરધા પાલવ થકી
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃતઝરા!
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગતતીર્થોત્તમ મળ્યું.

અ - ૨ શું તે કહો. (૦૨)

(૧) કવિ પોતાની સાથે લાવ્યા ___________

(૨) ઘણી ભ્રમણા છતાં કવિને ના મળ્યું ___________

(૩) કવિને વાત્સલ્ય નીતરતી પત્નીની આંખોમાં મળ્યું ___________


(૪) કવિ પત્નીએ નવજાત પુત્રીને ઢાંક્યો ___________

અ - ૩ તીર્થોત્તમ કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૦૨)

(આ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૬)

આ - ૧ (૦૨)

ઋતુ અનુસાર આવે



જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો; (ટેક)
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એ જ ઉદ્વેગ ધરવો.
'હું કરું હું કરું', એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે - જે.
નીપજે નરથી તો કોઈ નવ રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દષ્ટે આવે નહીં, ભવન ભવન પર છત્ર દાખે. - જે.
ઋતુ લતા-પત્ર -ફળ -ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે,
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે. - જે.
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું,
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે : જન્મ-પ્રતિજન્મ હરિને જ જાચું - જે.

આ - ૨ નીચેના શબ્દો માટે પદ્યાંશમાં વપરાયેલા શબ્દો લખો. (૦૨)

(૧) નસીબ

(૨) ગાડું

(૩) પુષ્પ

(૪) મકાન

આ - ૩ 'ધાર્યું તો ધણીનું થાય' આ વિશે તમારા વિચારો જણાવો. (૦૨)

(ઈ) નીચેમાંથી કોઈપણ એકનો જવાબ લખો. (૦૪)

(૧) 'પહેલો વરસાદ' કાવ્યનો રસાસ્વાદ કરાવો

(૨) આપેલા હાઇકુમાંથી વ્યકત થતો ભાગ સમજાવો.

તું હો પડખે

તડકો છોને ઉગ્ર :

શીળી ચાંદની.

વિભાગ - ૩ સાહિત્ય પ્રકાર (૧૨ ગુણ)

કૃતિ - ૩ (અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૬)

અ- ૧ નીચેની ઘટનાઓને ક્રમ પ્રમાણે ગોઠવો. (૦૨)

(૧) મોટું ઘર એ દુઃખનું કારણ બની જતું હોય છે.

(૨) એના દરજ્જા પ્રમાણેનું ઘર જોઈએ કે નહિ


(૩) કમલાએ નલિનને વાત કરી

(૪) સરકાર એના ભાગનું લઇ જશે

કમલાએ નલિનને વાત કરી. આ છોકરો ખરો છે. કહે છે આન્ટી અનિવાર્ય ન હોય તો બીજા બે બેડરૂમ બંધાવવાની કંઈ જ ઉતાવળ ન કરશો. મોટું ઘર એ દુઃખનું કારણ બની જતું હોય છે. એને કેમ સમજાતું નથી કે ઉપર બે બેડરૂમ આપણે મોન્ટુ માટે બંધાવવાના છે, કોઈ આલતુ-ફાલતુ મહેમાનો માટે નહિ. ધવલ સમજાવે છે કે મકાનનું એક્સટેન્સન કરાવવાથી મ્યુનિસિપલ ટેક્સ વધી જશે. વધે વધવાનો હોય તો ! સરકાર એના ભાગનું લઇ જશે. મેઈન્ટેનન્સનો ખર્ચ વધશે. ટેક્સ વધશે આવી બધી ગણતરી કરાતી  હશે પોતાના સંતાનની સુખાકારી

સાધવાની હોય એવે વખતે? ખર્ચના હિસાબ કરીને આવાં નાનાંમોટાં આયોજન કરવાં પડે એવી સ્થિતિ ક્યાં હતી? ખૂટવાનું નથી; ને ખૂટશે તો મોન્ટુ ક્યાં નથી? ડોલરનો દલ્લો લઈને આવવાનો છે. એના દરજ્જા પ્રમાણે ઘર જોઈએ કે નહીં?

અ - ૨ આકૃતિબંધ પૂર્ણ કરો. (૦૨)




અ - ૩ 'આજના માતા-પિતાને મળતી સરપ્રાઈઝ- લગ્ન બાદનું પુત્રનું બદલાયેલું વર્તન' અંગે તમારા વિચારો જણાવો. (૦૨)

આ ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં જવાબ લખો. (કોઈપણ એક) (૦૪)

(૧) 'બેન્ક બેલેન્સ' વાર્તા પરથી તમને મળતો સંદેશ લખો

(૨) 'જમનાના નારી હૃદયની વ્યથા માટે સમાજ કારણભૂત છે' - તમારો મત લખો

(ઈ) ૫૦ થી ૬૦ શબ્દોમાં જવાબ લખો. (કોઈપણ એક) (૦૨)

(૧) ટૂંકી વાર્તાના ઉદ્ભવ વિશે જણાવો.

(૨) ટૂંકી વાર્તામાં વસ્તુનું મહત્વ લખો.

## વિભાગ ૪ વ્યાકરણ (૧૪ ગુણ)

કૃતિ- ૪ સૂચના પ્રમાણે કરો. (કોઈપણ સાત) (૧૪)

(૧) સંધિ છોડો (૦૨)

(અ) દેવાલય = ________ + આલય

(બ) પ્રત્યક્ષ = પ્રતિ + ________

(ક) સદૈવ = ________ + એવ

(ડ) તલ્લીન = _______ + લીન

(૨) યોગ્ય વિકલ્પ શોધી વિશેષણ - વિશેષ્ય લખો (૦૨)

(અ) સનસનાટી ભર્યા .........

(૧) ખબર (૨) સમાચાર (૩) વાયકા

(બ) વેરણ ........

(૧) સમા (૨) વીજળી (૩) વાત

(ક) સોળ આની.........

(૧) રૂપિયો (૨) પાક (૩) પૈસા

(ડ) ........ ઠંડી

(૧) ઝળહળતી (૨) ખળખળતી (૩) કડકડતી

(૩) ઉપમા સંબંધિત યોગ્ય જોડી જોડો. (૦૨)

| | અ | | આ |
|---|---|---|---|
| (અ) | દીવા | (i) | રમત |
| (બ) | વિકરાળ | (ii) | રેશમ |
| (ક) | સહેલું | (iii) | વાઘ |
| (ડ) | સુંવાળું | (iv) | ચોખ્ખું |
| | | (v) | તુચ્છ |

(૪) અર્થભેદ લખો. (૦૨)

(અ) ચિર ________, ચીર __________

(બ) જગ ________, જંગ __________

(૫) કાળ પરિવર્તન કરો. (૦૨)

(૧) માનવ સ્વભાવની એ ખાસિયત છે. (ભૂતકાળ)

(૨) ભાડાનું ઘર હતું. (વર્તમાનકાળ)

(૬) નીચેની કહેવતની સમાનાર્થી કહેવત લખો. (૦૨)

(અ) કરણી તેવી ભરણી

(બ) ઉતાવળ કરવાથી કાં સારું થઈ નહિ

(૭) અર્થ બદલ્યા વિના વાક્ય રૂપાંતર કરો. (૦૨)

(અ) પૂનમની રાતે પૂર્ણ ચંદ્રમા હોય છે.

(બ) સમાજ કિન્નરોને સ્વીકારતો નથી.

(૮) અલંકાર ઓળખો. (૦૨)

(અ) એ તો મહાદેવથી એ મોટા છે.

(બ) ગાંધીજી તે ગાંધીજી

(૯) રસ ઓળખો

(અ) કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો,

મમતા રૂએ આજ વેળુમાં વીરડો ફૂટી ગયો....

(બ) ઊભો રે' જે ...... ત્રાડ પડી છે ઊભો રે' જે,

ગીરના કુત્તા તું ઊભો રે' જે.....

કાળમુખા તું ઊભો રે' જે.....

<u>વિભાગ - ૫ લેખન કૌશલ્ય</u> (૧૮ ગુણ)

કૃતિ - ૫ (અ) નીચેનામાંથી કોઈપણ બે કૃતિ કરો. (૧૦)

(૧) નીચેની જાહેરખબરના અનુસંધાનમાં અરજી કરો. (ઈ-મેલ સ્વરૂપમાં) (૦૫)

'મુંબઈ સમાચાર' જોઈએ છે - કોમ્પ્યુટર ઓપરેટર
યોગ્યતા - ઓછામાં ઓછું ૧૨ ધોરણ પાસ, કોમ્પ્યૂટરનું પાયાનું જ્ઞાન આવશ્યક.
અનુભવ - ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ જરૂરી
સંપર્ક - શ્રીરાજપ્રજ્ઞ એસોસિએટ્સ, એમ.જી. રોડ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ - ૪૦૦ ૦૮૬,
સમય - સવારે ૧૦થી સાંજે ૬

(૨) માહિતીનું રૂપાંતરણ કરો. (૦૫)

મિત્રો, ઘણાં વિદ્યાર્થીઓને કેલીગ્રાફી શીખતાં તમે સાંભળ્યું હશે. કદાચ તે સાંભળીને અને જોઈને તમે 'અરે વાહ!' અથવા 'કેટલું સરસ!' કે પછી 'વાઉ' એમ બોલી ગયા હશો ખરું ને? પણ તમે તેના વિશે કઈ જાણો છો ખરાં? કેલીગ્રાફી એટલે સુંદરલેખન. આ કળાની શોધ દસમી સદીમાં થઈ હતી અને સમયાંતરે તેમાં પરિવર્તન થતું રહ્યું છે. તેના પાશ્ચાત્ય કેલીગ્રાફી, પૂર્વ એશિયાઈ કેલીગ્રાફી, દક્ષિણ એશિયાઈ કેલીગ્રાફી અને ઇસ્લામિક કેલીગ્રાફી જેવા પ્રકાર છે. કેલીગ્રાફી માટે ડ્રોઇંગબુક, ગ્રાફ પેપર, કેલીગ્રાફીની પેન, બ્રશ અને સારા પ્રકારની શાહીની જરૂર પડે છે.

આ કલાનો ઉપયોગ સર્જનાત્મક કલામાં થાય છે. દા.ત. પુસ્તકની ડિઝાઇન, ચિહ્નો, પ્રતીકો, મુદ્રાલેખ, લગ્નપત્રિકા, આમંત્રણપત્રિકા, જન્મદિવસ કે એવા પ્રસંગોના અભિનંદનકાર્ડ વગેરે બનાવવામાં થાય છે. તમારા સંગણકમાં ઉપયોગી 'ફોન્ટ' એ કેલીગ્રાફી જ છે.

આ કલા અભિવ્યક્તિનું પ્રભાવશાળી માધ્યમ છે. જે આપણી સર્જનશક્તિનો વિકાસ કરે છે. તથા આપણામાં શાંતિ, સ્વસ્થતા અને એકાગ્રતાના ગુણો ખીલવે છે તેમજ આપણી સૌંદર્યદ્રષ્ટિ વિકસે છે.

(૩) તમારા પ્રિય અભિનેતાની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો. (૦૫)

(આ) નીચેનામાંથી કોઈપણ એક કૃતિ કરો. (૦૮)

(૧) તમારી કોલેજમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષોનું મહત્વ સમજાવતું વક્તવ્ય તૈયાર કરો.

(૨) નીચેનું ચિત્ર જોઈ સ્વરચિત કાવ્ય/વાર્તા /સંવાદ /પરિચ્છેદ લખો.

